ભારતીય રિઝર્વ બેંક/2006-07/220
આરપીસીડી.સીઓ.આરઆરબી.બીસી.નં.39/03.05.33(ઇ)/2006-07

26 ડિસેમ્બર, 2006

પ્રતિ,
તમામ પ્રાદેશિક ગ્રામીણ બેંકો

શ્રીમાન,

**<u>ચેક નાખવાની પેટીની સગવડ અને ચેકોની પહોંચ આપવાની સગવડ</u>**

ઘણી બેંકની શાખાઓ કાઉન્ટર પર ચેકો સ્વીકારતી નથી અને ચેક નાખવાની પેટીમાં ચેકો નાખવાની ગ્રાહકોને ફરજ પાડે છે. એવી ફરિયાદો ભારતીય રિઝર્વ બેંક / બેંકિંગ ઓમ્બડસ્મેનને મળી રહી છે.

2. ગ્રાહકોને ચેક નાખવાની પેટીમાં ચેક નાખવાની ફરજ ન પાડવી જોઈએ અને ચેક નાખવાની પેટીની સગવડ ગ્રાહકોને ઉપલભ્ય કરવામાં આવી હોય ત્યારે નિયમિત સ્વીકાર્ય કાઉન્ટર પર ચેક મળ્યાની પહોંચ આપવાની સગવડ ગ્રાહકોને ઉપલભ્ય બનાવવાની સલાહ આપવામાં આવે છે. ગ્રાહક કાઉન્ટર પર ચેક રજૂ કરે તો કોઈ શાખાએ પહોંચ આપવાનો ઈનકાર કરવો ન જોઈએ.

3. ચેક નાખવાની પેટીની સગવડ જયારે શરૂ કરવામાં આવી છે ત્યારે ચેક નાખવાની પેટી અથવા કાઉન્ટર પર ચેકો રજૂ કરવાના બંને વિકલ્પોથી ગ્રાહકોને વાકેફ કરવાનું જરૂરી છે, જેથી કરીને તેઓ આ અંગે જાણ પ્રમાણે નિર્ણય લઈ શકે. તેથી <u>બેંકોને</u> ચેક નાખવાની પેટી પર જ નીચે પ્રમાણે અનિવાર્ય પ્રમાણે પ્રદર્શિત કરવાની સલાહ આપવામાં આવે છે.

'ગ્રાહકો કાઉન્ટર પર પણ ચેક રજૂ કરી શકશે અને પે-ઈન-સ્લીપ પર પહોંચ મેળવી શકશે.'

આ સંદેશો અંગ્રેજી, હિંદી અને રાજયની સંબંધિત પ્રાદેશિક ભાષામાં પ્રદર્શિત કરી શકાય.

4. અમારી સંબંધિત પ્રાદેશિક કચેરીને પહોંચ મોકલવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(જી.શ્રીનિવાસન)
મુખ્ય મહાપ્રબંધક